# પ્રસારભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 03-12-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : WEDNESDAY** **National News**

## આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.

*****************************************************

1. લોકસભામાં કેન્દ્રીય આબકારી સુધારા ખરડો 2025 પસાર
2. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ કહ્યું, દિવ્યાંગજનો સાથે સમાન વ્યવહાર કરાય ત્યારે જ સમાજનો ખરા અર્થમાં વિકાસ થઈ શકે.
3. કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ કહ્યું, સમગ્ર વિશ્વમાં નાગરિકોને સામાજિક સુરક્ષા આપનારો ભારત વિશ્વનો બીજો સૌથી મોટો દેશ.
4. કેન્દ્રીય દૂરસંચાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ વિપક્ષના આક્ષેપોને ફગાવતા કહ્યું, સંચાર સાથી ઍપથી જાસૂસી શક્ય જ નથી.
5. છત્તીસગઢમાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં સાત માઓવાદી ઠાર
6. છત્તીસગઢમાં રમાઇ રહેલી એક દિવસીય મેચમાં ભારતે દક્ષિણ આફ્રિકાને જીતવા 359 રનનો લક્ષ્યાંક આપ્યો

.............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

## NEW LS CENTRAL EXCISE

લોકસભામાં કેન્દ્રીય આબકારી સુધારા ખરડો 2025 પસાર કરાયો. તેનો ઉદ્દેશ કેન્દ્રીય આબકારી અધિનિયમ 1984માં સુધારા કરીને સિગારેટ, સિગાર, હુક્કા તમાકુ, જેવી વસ્તુઓ પર આબકારી શુલ્ક અને ઉપકર વધારવાનો છે. તેમાં દેશમાં બનેલા અથવા ઉત્પાદિત વસ્તુઓ પર કેન્દ્રીય આબકારી શુલ્ક લગાવવા અને સંગ્રહ કરવાની જોગવાઈ છે.

ખરડાનો ઉદ્દેશ તમાકુની વસ્તુઓ પર કેન્દ્રીય આબકારી શુલ્કના દરને સુધારવાનો છે, જેથી આ વસ્તુઓ પર કરના દર વર્તમાન સ્તર પર રખાઈ શકે. આ ખરડા હેઠળ કાચા તમાકુ, પ્રસંસ્કરણ કરાયેલા તમાકુથી બનેલી વસ્તુઓ પર આબકારી શુલ્ક વધશે. ચર્ચાનો જવાબ આપતાં કેન્દ્રીય નાણા મંત્રી નિર્મળા સીતારમણે કહ્યું, આ કોઈ નવો કાયદો નથી કે વધારાનો કર પણ નથી. તેમણે કહ્યું, આ ઉપકર નથી, પરંતુ તે એક આબકારી શુલ્ક છે, જે વસ્તુ અને સેવા કર – GST લાગૂ થતા પહેલા લાગતો હતો.

-------------

## RS PAN MASALA PACKS

સરકારે તમામ પાન મસાલા પૅક પર છૂટક વેચાણ કિંમત દર્શાવવાને ફરજિયાત કર્યું છે. ગ્રાહક બાબતોના મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું, આ સુધારા લિગલ મૅટ્રોલૉજી દ્વિતીય સુધારા નિયમ 2025 અંતર્ગત કરાયા છે. મંત્રાલયે જણાવ્યું, સુધારા કરાયેલા નિયમ આવતા વર્ષે પહેલી ફેબ્રુઆરીથી

લાગુ થશે. ત્યારબાદ તમામ પાન મસાલા નિર્માતાઓ, પેકર્સ અને આયાતકારોને નવા નિયમોનું પાલન કરવું પડશે. આ સુધારા એ સુનિશ્ચિત કરે છે કે, ખરીદદારોને દરેક પેકના આકાર માટે પારદર્શક અને સ્પષ્ટ કિંમતની માહિતી મળે.

-------------

## PREZ PERSONS WITH DISABILITIES

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ કહ્યું, જ્યારે દિવ્યાંગજનો સાથે સમાન વ્યવહાર કરવામાં આવે ત્યારે જ સમાજનો ખરા અર્થમાં વિકાસ થઈ શકે છે. તેમણે કહ્યું, તેમની સાથે દયા નહીં, પણ સન્માન અને ગરિમાનો વ્યવહાર કરવો જોઈએ. રાષ્ટ્રપતિએ નવી દિલ્હીમાં દિવ્યાંગજન સશક્તિકરણ માટે રાષ્ટ્રીય પુરસ્કાર સમારોહને સંબોધતાં આ વાત કહી.

**(BYTE: DROUPADI MURMU, PRESIDENT OF INDIA)**

કાર્યક્રમ દરમિયાન તેમણે દિવ્યાગંજનોના સશક્તિકરણમાં તેમના પ્રયાસ માટે લોકો અને સંસ્થાઓને રાષ્ટ્રીય પુરસ્કાર એનાયત કર્યા. સુશ્રી મુર્મૂએ દિવ્યાંગજનોની પ્રશંસા કરતાં તેમની અવિશ્વસનીય સિદ્ધિઓને દરેક માટે પ્રેરણાનો સ્ત્રોત ગણાવી.

-------------

## MANDAVIYA INDIA EDGE

કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાએ કહ્યું, આજે અંદાજે 64 ટકા નાગરિક ઓછામાં ઓછા એક પ્રકારની સામાજિક સુરક્ષા મેળવે છે. તેનાથી ભારત સમગ્ર વિશ્વમાં નાગરિકોને સામાજિક સુરક્ષાનો લાભ આપનારો વિશ્વનો બીજો સૌથી મોટો દેશ બની ગયો છે. નવી દિલ્હીમાં આજે ઇન્ડિયાએજ 2025 સંમેલનમાં તેમણે જૂના શ્રમ કાયદાઓને નવી શ્રમ સંહિતાઓમાં સમાવીને વૈશ્વિક સ્પર્ધા માટે શ્રમ કાયદાઓમાં પરિવર્તન લાવવા પર ભાર આપ્યો.

શ્રી માંડવિયાએ કહ્યું, નવી શ્રમ સંહિતાઓએ અનેક આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠનમાંથી પ્રેરણા લઈને અનેક શ્રમિક મૈત્રીપૂર્ણ પગલાં રજૂ કર્યા છે.

**(BYTE: DR. MANSUKH MANDAVIYA, UNION MINISTER)**

-------------

# SCINDIA ON SANCHAR SATHI APP

કેન્દ્રીય દૂરસંચાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ વિપક્ષના જાસૂસીના આક્ષેપોને ફગાવતા કહ્યું, સંચાર સાથી ઍપથી જાસૂસી શક્ય જ નથી અને થશે પણ નહીં. લોકસભામાં આજે એક પ્રશ્નના જવાબમાં શ્રી સિંધિયાએ સ્પષ્ટતા કરી કે, ઉપયોગકર્તા પોતાની સુવિધા મુજબ નોંધણી કરાવીને ઍપને સક્રિય કરી શકે છે અને તેનો લાભ મેળવી શકે છે. તેમણે કહ્યું, ઉપયોગકર્તા કોઈ પણ સમયે પોતાના ઉપકરણોથી આ ઍપને નિષ્ક્રિય અથવા હટાવી શકે છે. નાગરિકોને છેતરપિંડીથી બચાવવા માટે કેન્દ્ર સરકારે આ સુવિધા પૂરી પાડી હોવાનું પણ શ્રી સિંધિયાએ ઉમેર્યું.

(BYTE: JYOTIRADITYA SCINDIA, UNION MINISTER)

-------------

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

-------------------------------------------------------------------------

## LABOUR CODE

કેન્દ્ર સરકારે ગયા મહિને અમલમાં મૂકેલી નવી શ્રમ સંહિતા સમગ્ર દેશના શ્રમિકોની આજીવિકાને સ્થિરતા પૂરી પાડશે. અમારા સંવાદદાતાએ એક અહેવાલમાં જણાવ્યું કે, કઈ રીતે નવા સુધારા બીડી અને સિગાર બનાવનારા શ્રમિકોને સીધો લાભ પહોંચાડી રહ્યા છે.

(VOICECAST : AMAN KUMAR)

-------------

# SANCHAR SAATHI APP

સંચાર સાથી ઍપની વધતી સ્વીકૃતિને જોતા સરકારે મૉબાઈલ ફૉન નિર્માતા કંપનીઓ માટે આ ઍપને પહેલા જ ઈન્સ્ટૉલ કરવાનું ફરજિયાત ન બનાવવાનો નિર્ણય કર્યો છે. સરકારે સ્પષ્ટતા કરી છે કે, નાગરિકો કોઈ પણ સમયે આ ઍપને હટાવી શકે છે અને આ ઍપના ઉપયોગકર્તાઓની સલામતી રાખવા સિવાય તેનું બીજું કોઈ કામ નથી.

સંચાર મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું, અત્યાર સુધીમાં 14 મિલિયન ઉપયોગકર્તાઓએ ઍપ ડાઉનલૉડ કરી છે અને દરરોજ બે હજાર છેતરપિંડીની ઘટના નોંધાઈ રહી છે. મંત્રાલયે જણાવ્યું, ઍપ સલામત છે અને તેનો હેતુ લોકોને સાયબર ગુનાથી બચાવવાનો છે.

-------------

# ASHWINI VAISHNAW ON FAKE NEWS

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે ફેક ન્યૂઝ એટલે કે, ભ્રામક સમાચારને લોકતંત્ર માટે જોખમી ગણાવ્યા. તેમણે સોશિયલ મીડિયા, ભ્રામક સમાચાર અને કૃત્રિમ બુદ્ધિમત્તા – A.I. દ્વારા બનાવાયેલા ડીપ ફૅક પર કડક કાર્યવાહીની આવશ્યકતા પર ભાર આપ્યો. લોકસભામાં આજે પ્રશ્નકાળ દરમિયાન પૂરક પ્રશ્નોનો જવાબ આપતા શ્રી વૈષ્ણવે કહ્યું, ડીપફેકની ઓળખ કરવા અને તેની સામે કાર્યવાહી કરવા એક નવો મુસદ્દા નિયમ પ્રકાશિત કરાયો છે.

તેમણે કહ્યું, સરકાર અને ભારતીય પ્રેસ પરિષદ બંને કોઈ પણ ટીવી ચૅનલ કે સમાચારપત્ર સામે થતી ફરિયાદ પર સક્રિયપણે વિચાર કરી રહી છે.

**(BYTE: ASHWINI VAISHNAW, UNION MINISTER)**

-------------

## Chhattisgarh - Maoist encounter

છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં આજે સુરક્ષા દળો સાથેની અથડામણમાં સાત માઓવાદી ઠાર મરાયા. આ અભિયાનમાં બે સુરક્ષાકર્મી શહીદ થયા. જ્યારે એક જવાન ઈજાગ્રસ્ત થયાના અહેવાલ છે. બીજાપુરના પોલીસ અધિક્ષક જિતેન્દ્ર યાદવે જણાવ્યું, બીજાપુર-દંતેવાડા સરહદ પર માઓવાદીઓ હોવાની માહિતી મળતાં દંતેવાડા અને બીજાપુરના જિલ્લા અનામત દળ, વિશેષ કાર્યદળ, કૉબ્રા એકમ તથા કેન્દ્રીય અનામત પોલીસ દળ – CRPFની સંયુક્ત ટુકડીએ તપાસ અભિયાન હાથ ધર્યું.

સવારથી સુરક્ષા દળો અને માઓવાદીઓ વચ્ચે સમયાંતરે ગોળીબાર ચાલુ રહ્યો હતો. બસ્તર રૅન્જના પોલીસ મહાનિરીક્ષક સુંદરરાજ પી.એ જણાવ્યું, ઘટનાસ્થળેથી અત્યાર સુધીમાં સાત માઓવાદીના મૃતદેહ મળ્યા છે. જ્યારે ઈજાગ્રસ્ત જવાનને બીજાપુરમાં પ્રાથમિક સારવાર અપાઈ છે.

-------------

# CRICKET INDIA SOUTH AFRICA

દક્ષિણ આફ્રિકા સામેની બીજી મૅચમાં ભારતે આજે પહેલા બેટિંગ કરી નિર્ધારિત 50 ઑવરમાં પાંચ વિકેટ ગુમાવી 358 રન બનાવ્યા. છત્તીસગઢના રાયપુરમાં શહીદ વીર નારાયણ સિંઘ આંતર-રાષ્ટ્રીય સ્ટૅડિયમમાં બંને દેશ વચ્ચે એક દિવસીય ત્રણ મૅચની શ્રેણીની આજે બીજી મૅચ રમાઈ રહી છે. ભારત તરફથી ઋતુરાજ ગાયકવાડે સૌથી વધુ 105 રન બનાવ્યા. જ્યારે વિરાટ કોહલીએ પણ 102 રન અને કે. એલ. રાહુલે 66 રનનું યોગદાન આપ્યું. જ્યારે દક્ષિણ આફ્રિકા તરફથી માર્કો જૅન્સને બે વિકેટ લીધી હતી.

હાલમાં મળતાં અહેવાલ મુજબ, દક્ષિણ આફ્રિકાએ 28.4 ઑવરમાં 2 વિકેટ ગુમાવી 189 રન બનાવ્યા છે.

ઉલ્લેખનીય છે કે, ભારત હાલ આ શ્રેણીમાં એક-શૂન્યથી આગળ છે.

-------------

# FACT CHECK

ઈઝરાયેલે ભારતીય સેના સાથે સૈન્ય અભ્યાસનું આયોજન રદ કર્યું હોવાનો દાવો કરતા વીડિયોને સરકારે ખોટો ગણાવ્યો છે. પ્રેસ ઇન્ફર્મેશન બ્યૂરો – P.I.B.ના તથ્ય તપાસ એકમે જણાવ્યું, આ ખોટો વીડિયો પાકિસ્તાનનો પ્રચાર કરનારા ઍકાઉન્ટથી બનાવાયો છે. ઈઝરાયેલ તરફથી સૈન્ય અભ્યાસ રદ કરવાના આયોજન અંગે કોઈ નિવેદન ન આવ્યું હોવાનું પણ તથ્ય તપાસ એકમે સ્પષ્ટ કર્યું.

સરકારે નાગરિકોને આવા ભ્રામક વીડિયોને શૅર ન કરવા અને ન જોવા લોકોને અપીલ કરી છે. સાથે જ સચોટ માહિતી માટે માત્ર સત્તાવાર અને વિશ્વનીય સ્રોત પર આધાર રાખવા અનુરોધ કર્યો છે.

-------------